# પર્યાવરણીય લોકસુનાવણી

**પર્યાવરણીય લોક-સુનાવણી (Environmental Public Hearing) કોઈ પણ વિકાસ પ્રોજેકટની સ્થાપના કે વિસ્તૃતિકરણની નિર્ણય પ્રક્રિયામાં લોક-ભાગીદારીની તક પૂરી પાડે છે. આ લોક-સુનાવણીમાં વિકાસ પ્રોજેક્ટ અંગે પોતાની વાત કહેવાનો લોકોને મોકો મળે છે.**

**કાયદાકીય જોગવાઈ : પર્યાવરણ સુરક્ષા ધારો-૧૯૮૬ અંતર્ગત ૧૯૯૪માં એન્વાયરોનમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ જાહેરનામું બહાર પાડીને વિકાસ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય સંમતિ મેળવવી જરુરી બનાવાઈ છે. આ જાહેરનામામાં પર્યાવરણીય લોક-સુનાવણીની પ્રક્રિયા ૧૯૯૭થી દાખલ કરાઈ છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ EIA (એન્વાયરોમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ) અંગેનું નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. પર્યાવરણીય લોક-સુનાવણી આ નવા જાહેરનામાનો ફરજીયાત ભાગ છે.**

## ક્યા પ્રોજેક્ટ માટે પર્યાવરણીય લોક-સુનાવણી યોજાય છે ?

(૧) કેટેગરી "A" હેઠળના પ્રોજેક્ટ - જેની પર્યાવરણીય સંમતિ કેન્દ્ર સરકારનું વન અને પર્યાવરણ મંત્રાલય આપે છે.

(૨) કેટેગરી "B-1"હેઠળના પ્રોજેક્ટ - જેના માટેનું પર્યાવરણીય સંમતિપત્રક રાજ્ય સરકારની એજન્સી આપે છે, જે SEIAA (State Environment Impact Assessment Agency) તરીકે ઓળખાય છે

## નીચેના પ્રોજેક્ટો માટે પર્યાવરણીય સંમતિપત્રક મેળવવું જરુરી છે

૧. ખાણ, કુદરતી સંસાધનોનું ખનન, વીજળી ઉત્પાદન.

૨. પ્રાથમિક પ્રક્રિયાઓ (જેમકે કોલસાનું શુધ્ધિકરણ, ખનીજોનું વર્ગીકરણ)

૩. વસ્તુઓનું ઉત્પાદન (સીમેન્ટ ઉત્પાદન, ધાતુઓનું ઉત્પાદન)

૪. વસ્તુઓની પ્રક્રિયા (સોડા-એશ, ચામડું, પેટ્રોલિયમ શુધ્ધિકરણ, એસ્બેસ્ટોસ, ક્લોર-આલ્કલી, કોક ઓવન પ્લાન્ટ)

૫. ઉત્પાદન/પ્રક્રિયા (ખાતર, જંતુનાશકો, માનવસર્જિત ફાયબર, પેટ્રોકેમીકલ સંયોજનોની પ્રક્રિયા, કૃત્રિમ ઓર્ગેનીક, કેમીકલ ઉધોગ, ડિસ્ટીલરીઝ, રંગ-ઉધોગ, ખાંડ, પેપર..)

૬. સર્વિસ ક્ષેત્ર (પાઈપલાઈન, જોખમી પદાર્થોનો સંગ્રહ)

૭. ઈન્ફ્રાસ્ટ્રકચર (એરપોર્ટ, શીપ-બ્રેકીંગ યાર્ડ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કોમન વેસ્ટ ડિસ્પોઝલ સાઈટ, બંદર-હાર્બર, હાઈવે-રોડ, એરીયલ રોપ-વે, CETP, કોમન વેસ્ટ મેનેજમેન્ટ ફેસીલીટી)

૮. બિલ્ડીંગ અને કન્સ્ટ્રકશન પ્રોજેકટ.

## પર્યાવરણીય લોક-સુનાવણી પહેલાની બાબતો

**(૧) પર્યાવરણીય લોક-સુનાવણીની જાહેરાત:**
પર્યાવરણીય લોક-સુનાવણીની જાહેર નોટિસ ૩૦ દિવસ પહેલાં એક અંગ્રેજી ભાષાના અખબારમાં અને એક સ્થાનિક સ્તરે વધુ ફેલાવો ધરાવતા પ્રાદેશિક ભાષાના અખબારમાં પ્રકાશિત કરવામાં આવે છે. (જાહેર નોટિસનો નમૂનો) ➡

**(૨) પર્યાવરણીય લોક-સુનાવણીનું સ્થળ :**
તાલુકા સ્થળથી દૂર ના હોય તેવું, પણ પ્રોજેક્ટના સ્થળથી શકય તેટલા નજીકના સ્થળે પર્યાવરણીય લોક-સુનાવણી યોજાશે.

**(૩) ઈ.આઈ.એ રિપોર્ટ અને એકઝીકયુટીવ સમરી કયાં જોઈ શકાય ?**
પ્રોજેકટની પર્યાવરણ પર થનારી વિગતો દર્શાવતો ડ્રાફ્ટ EIA રિપોર્ટ આ સ્થળોએ જોઈ શકાય. (૧) કલેકટર કચેરી, (૨) જિલ્લા ઉધોગ કેન્દ્ર, (૩) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, (૪) વન અને પર્યાવરણ મંત્રાલયની પ્રાદેશિક કચેરી. નિસ્બતધારકો, (PLAUSIBLE STAKE HOLDER) માટે EIA રિપોર્ટ/એક્ઝીકયુટીવ સમરી રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વેબ-સાઈટ www.gpcb.gov.in પર મૂકવામાં આવે છે.

**(૪) પર્યાવરણીય લોક-સુનાવણીમાં રજૂઆત કોણ સાંભળશે?**
પર્યાવરણીય લોક-સુનાવણી માટેની સમિતિમાં બે સભ્યો હોય છે. (૧) કલેક્ટર/ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, જે સમિતિના ચેરમેન હોય છે. (૨) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો પ્રતિનિધિ.

### ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

ભારત સરકારના પર્યાવરણ અને મંત્રાલય, નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંક : એસ.ઓ. ૧૫૩૩ તારીખ ૧૪-૯-૨૦૦૬ અન્વયે લોક અભિપ્રાય મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે લાગતાવળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને આથી જણાવવાનું કે, મે. વ્રજ ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક લિમિટેડ, ગામ:બીડજ, જિ. ખેડા. દ્વારા ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક માટેની પરિયોજના (પ્રોજેક્ટ), કેટેગરી 'બી', માટે તેઓની અરજી અત્રે મળી છે.

આ અંગે રસ ધરાવતી વ્યક્તિઓ પણ તેઓની ટીકા-ટિપ્પણી નીચે દર્શાવ્યા મુજબ સંબંધિત નિયંત્રણ ઓથોરિટીને મોકલવા વિનંતી છે.

ભારત સરકાર દ્વારા પર્યાવરણ અને વન મંત્રાલયના જાહેરનામા ક્રમાંક : એસ.ઓ. ૯૪૮ તારીખ ૧૨-૬-૨૦૦૭ મારફતે ઉપરોક્ત જાહેરનામાની અનુસૂચિની કેટેગરી 'બી'માં આવરી લેવાયેલ પરિયોજના માટે નિયંત્રણ ઓથોરિટી એસ.ઈ.આઈ.એ.એ. - સ્ટેટ લેવલ એન્વિરોમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથિરિટીની રચના કરવામાં આવી છે. ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઈએનવી/૧૦-૨૦૦૬/૧૭૬/પી તારીખ ૨૫-૭-૨૦૦૭ મારફતે સદર ઓથોરીટીનું કાર્યાલય પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ અ. ગાંધીનગર ૩૮૨ ૦૧૦ નક્કી કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈઆઈએ-(એન્વિરોન્મેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ) અહેવાલના મુસદ્દાની પ્રત તથા એન્વિરોન્મેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટના સંક્ષિપ્ત અહેવાલની પ્રતને નીચે દર્શાવેલ ઓથોરિટી/કાર્યાલયો ખાતે કચેરી કામકાજના દિવસો દરમિયાન નિહાળી શકાશે.

૧. જિલ્લા કલેક્ટર શ્રીની કચેરી, ખેડા
૨. જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, ખેડા
૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ખેડા
૪. મુખ્ય વન સંરક્ષકશ્રી, પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારની પ્રાદેશિક કચેરી (પશ્ચિમ ઝોન), કેન્દ્રીય પર્યાવરણ ભવન, ઈ-૫, અરેરા કોલોની, લીન્ક રોડ-૩, રવિશંકર કોલોની, ભોપાલ ૪૬૨ ૦૧૬
૫. પ્રાદેશિક કચેરી, જીપીસીબી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ઈઆરઆઈ કમ્પાઉન્ડ, રેસકોર્સ રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭

જિલ્લા કલેકટરશ્રી, (જિલ્લા મેજિસ્ટ્રેટ) કે તેઓના / તેણીના પ્રતિનિધિ, કે જેનો હોદ્દો અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી ઊતરતી કક્ષાનો ન હોય, તેવી વ્યક્તિ સદર લોકસુનાવણીની કામગીરીનું દેખરેખ અને સંચાલન કરશે. લોકસુનાવણીની તારીખ ૧૭-૬-૨૦૦૮ના રોજ ૧૧.૩૦ કલાકે વ્રજ ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક લિમિટેડની અંદર, ગામ : બીડજ, તા.જી. ખેડા ખાતે યોજવામાં આવી છે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૩-૫-૨૦૦૮ **(અખબારમાં પ્રકાશિત જાહેર નોટીસનો નમૂનો)** સભ્ય સચિવ

## પર્યાવરણીય લોક-સુનાવણીમાં કોણ ભાગ લઈ શકે ?

(૧) સ્થાનિક અસરગ્રસ્ત લોકો પર્યાવરણીય લોક- સુનાવણીમાં હાજર રહી શકે.

(૨) પ્રોજેકટની પર્યાવરણીય અસરો અંગે નિસ્બત ધરાવતા લોકો, સંસ્થાઓ (Plausible Stake Holder) પોતાની રજૂઆત લેખિતમાં મોકલી શકે.

## આટલું ચોક્કસ કરો

(૧) તમારા વિસ્તારમાં યોજાતી દરેક પર્યાવરણીય લોકસુનાવણીમાં હાજર રહેવાનો પ્રયત્ન કરો.
(૨) તમારા વિસ્તારમાં યોજાતી પર્યાવરણીય લોકસુનાવણીમાં ભાગ લેવા અન્ય વ્યકિતઓને પ્રોત્સાહન આપવું.
(૩) પર્યાવરણીય લોકસુનાવણી પહેલાં જે-તે નિયત સ્થળેથી રિપોર્ટ, એકઝીકયુટીવ સમરી મેળવી લેવી.
(૪) આ રિપોર્ટનો ઉંડાણથી અભ્યાસ કરીને મહત્વના મુદ્દાઓની લેખિત નોંધ બનાવવી. આ માટે આપ પર્યાવરણ મિત્રનો સંપર્ક પણ કરી શકો છો.
(૫) વાસ્તવિકતાથી અલગ પડતા વિવાદાસ્પદ મુદ્દાઓને અલગથી નોંધો.
(૬) તમારી રીતે પ્રોજેકટથી પર્યાવરણીય અને સામાજિક સ્તરે થનારી અસરો ચકાસવાનો પ્રયત્ન કરો.
(૭) આ જ પ્રકારના પ્રોજેકટથી અન્ય વિસ્તારોમાં કેવી અસર થઈ છે તેની વિગતો જાણવાની કોશિષ કરો.
(૮) પર્યાવરણીય લોક-સુનાવણી પહેલાં કે દરમિયાન લેખિતમાં રજૂઆત કરવાનો આગ્રહ રાખો.
(૯) પ્રોજેકટ અંગેના મંતવ્યો પર્યાવરણીય લોક-સુનાવણી દરમિયાન ઉભા થઈને મૌખિક રીતે રજૂ કરવા.
(૧૦) તમારી રજૂઆતોની નોંધ પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સમાં કરાય તેનું ધ્યાન રાખો.
(૧૧) પ્રોજેકટના પર્યાવરણીય સંમતિપત્રકની નકલ મેળવો અને સંમતિપત્રકની શરતોને આધારે પ્રોજેકટ ચાલે તે અંગે શકય તેટલી દેખરેખ રાખો.

## પર્યાવરણીય લોકસુનાવણીમાં શું થશે ?

- ➔ પર્યાવરણીય લોક-સુનાવણીમાં ઉપસ્થિત રહેલાં સર્વેની વિગતો રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો પ્રતિનિધિ લેખિતમાં નોંધશે.
- ➔ શરુઆતમાં પ્રોજેકટકર્તાનો પ્રતિનિધિ પ્રોજેકટ અંગેની વિગતો રજૂ કરશે. જેમાં, પ્રોજેકટ વિષે, પ્રોજેકટની પર્યાવરણ પરની અસરો, એન્વાયરોનમેન્ટ મેનેજમેન્ટ પ્લાન (EMP) વિષેની વિગતો રજૂ કરશે.
  આ વિગતો રજૂ થયા બાદ સમિતિના ચેરમેન ઉપસ્થિત લોકોને પોતાની રજૂઆતો/મંતવ્યો રજૂ કરવા કહેશે.
- ➔ પર્યાવરણીય લોક-સુનાવણી દરમિયાન પૂછાતા પ્રશ્નોના જવાબ પ્રોજેકટકર્તાના પ્રતિનિધિ આપશે.
- ➔ લોકોની રજૂઆતો અને તેના જવાબો પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સમાં સામેલ કરાશે.
- ➔ જરુર લાગે ત્યાં સમિતિના સભ્યો દરમિયાનગીરી કરી શકશે.
- ➔ પર્યાવરણીય લોક-સુનાવણીની વીડીયોગ્રાફી કરવી ફરજિયાત છે, જે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવશે.
- ➔ પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સ ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં સ્થળ પર જ તૈયાર કરવાની રહેશે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો પ્રતિનિધિ પર્યાવરણીય લોક-સુનાવણીના અંતે આ મિનિટ્સ વાંચી સંભળાવશે. જો કોઈને મિનિટ્સની વિગતોમાં વાંધો લાગે તો સ્થળ પર રજૂઆત કરી શકશે.

## પર્યાવરણીય લોકસુનાવણી પછી શું ?

- પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સમાં લોક-સુનાવણીની પ્રક્રિયા ઉપરાંત નિસ્બતધારકોની રજૂઆત સામેલ કરવાની રહેશે.
- પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સ નીચેના સ્થળોએ જોઈ શકાશે. કલેકટર કચેરી, જિલ્લા-પંચાયત/મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર , વન અને પર્યાવરણ મંત્રાલયની પ્રાદેશિક કચેરી. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વેબ-સાઈટ પરથી પણ આ માહિતી મેળવી શકાશે.



પર્યાવરણીય લોકસુનાવણીનું દૃશ્ય

- પર્યાવરણીય લોક-સુનાવણીમાં મળેલ અભિપ્રાયોને આધારે પ્રોજેકટકર્તાએ ડ્રાફ્ટ EIA રિપોર્ટ અને EMPમાં ફેરફાર કરવાના રહેશે.
- પર્યાવરણીય લોક-સુનાવણીની મિનિટ્સ, રિપોર્ટ સાથેનું અરજી-પત્રક પર્યાવરણીય સંમતિ મેળવવા માટે જે-તે સત્તાતંત્રને મોકલવાનું રહેશે.
- પર્યાવરણીય સંમતિપત્રક કેટલીક શરતોને આધારે આપવામાં આવે છે. પર્યાવરણીય સંમતિપત્રક (EC) વન અને પર્યાવરણ મંત્રાલય તેમજ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી ઉપરાંત વેબ-સાઈટ www.gpcb.gov.in પર ઉપલબ્ધ હશે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો**


# પર્યાવરણ મિત્ર

**૫૦૨, રાજ એવન્યુ,**
**ભાઈ કાકાનગર રોડ,**
**થલતેજ, અમદાવાદ -૩૮૦ ૦૫૯**
**ફોન : ૦૭૯-૨૬૮૫૧૩૨૧, ૨૬૮૫૧૮૦૧**
web :www.paryavaranmitra.org.com
e-mail : paryavaranmitra@yahoo.com